**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩, ૪ (૬) ૨. ૧, ૪, ૩ (૧૩૮) ૩. ૨, ૩, ૪ (૧૧૩, ૧૧૫-૧૧૬)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સ્વામીની વાતો ૨/૨માં મહારાજને કેવા સમજવાનું કહે છે ? (૫૧)

જ. સર્વોપરી ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા.

૨. ચાર પ્રકારનાં અંતઃકરણના નામ જણાવો. (૧૪૬)

જ. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર અંતઃકરણ છે.

૩. જીવન્મુક્તિ વિષે શ્રીજીમહારાજે કયા બે વચનામૃતમાં વાત કરી ? (૧૫૩)

જ. જીવન્મુક્તિ વિષે શ્રીજીમહારાજે સા.૯ અને ગ.અં. ૭ એ બે વચનામૃતમાં વાત કરી.

૪. શ્રીજીમહારાજના અસાધારણ કાર્યોમાંથી બે કાર્યનાં નામ લખો. (૬૬)

જ. પોતાનું ભજન, પોતાનાં શાસ્ત્રોની રચના, પોતાની મૂર્તિ વરતાલમાં પધરાવી સર્વોપરી ઉપાસનાની સ્થાપના, મંદિરોની રચના, આશ્રિતોની કરાવેલી બ્રાહ્મી સ્થિતિ, આશ્રિતોને આત્યંતિક કલ્યાણનો કોલ, ગુણાતીત સત્પુરુષ દ્વારા પ્રગટપણું.

૫. અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપનાં નામ લખો. (૧૦૯)

જ. (૧) અક્ષરબ્રહ્મ : સચ્ચિદાનંદ ચિદાકાશ તેજ રૂપે (૨) અક્ષરબ્રહ્મ : ધામ રૂપે (૩) અક્ષરબ્રહ્મ : અક્ષરધામમાં પરબ્રહ્મના સદા સેવકરૂપે (૪) અક્ષરબ્રહ્મ : આ લોકમાં ગુણાતીત સત્પુરુષરૂપે

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. ભગવાન પણ પોતાના અક્ષરધામને વિશે મૂર્તિમાન થકા વિરાજમાન છે. (૩૧)

**જ. અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે પણ પરબ્રહ્મ સાકાર**

૨. 'ભગવાનમાં કુતર્ક થાય તો માયાને ન તરાય.' (૮૮)

**જ. દિવ્યભાવ ન સમજવાથી (મનુષ્યભાવ પરઠવાથી) ખોટ**

૩. 'એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.' (૮૪)

**જ. શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રગટપણું સંત દ્વારા**

૪. મૂલજીશર્મણે દીક્ષાં દદાનસ્ય પ્રજાયતે.. (૧૧૪)

**જ. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ : સાંપ્રદાયિક ગ્રંથોને આધારે**

૫. પુરુષ પણ નથી, સ્ત્રી પણ નથી, પરંતુ સત્તામાત્ર ચૈતન્ય છે. (૧૩૩)

**જ. જીવનું સ્વરૂપ અને તેના ગુણધર્મો**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. ૧. સર્વોપરી સર્વાવતારના અવતારી શ્રીજીમહારાજ (અનુક્રમણિકા પા.નં. ૧૧)
(૧) શ્રીજીમહારાજ સર્વોપરી : સાંપ્રદાયિક ગ્રંથોને આધારે
(૨) શ્રીજીમહારાજ સર્વોપરી : પ્રયોજન,ઐશ્વર્ય અને કાર્યને આધારે

૨. જગતનું સ્વરૂપ (અનુક્રમણિકા પા.નં. ૧૩)
(૧) કાર્ય-કારણનો સિદ્ધાંત (૨) સૃષ્ટિ પ્રક્રિયા (૩) પ્રલય-પ્રક્રિયા

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **શ્રીજીમહારાજની ભગવાનના સાકારપણામાં રુચિ (૨૭)** શ્રીજીમહારાજને કેવળ તેજમાં રુચિ નથી, પરંતુ ભગવાનના સાકાર એટલે કે મૂર્તિમાન સ્વરૂપમાં જ રુચિ છે, તે એમનાં વચનો પરથી ખ્યાલ આવે છે. તેઓ કહે છે : **લો. ૧૪** - ''તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે, તોપણ એને વિશે રુચિ નથી અને ભગવાનની મૂર્તિનાં દર્શન કરીને જ અતિસુખ થાય છે.'' **અં. ૩૦** - ''જેને એમ હોય જે, 'એક ચૈતન્ય તેજનો રાશિ છે ને તેના મધ્યને વિશે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે.' એવો દૃઢ નિશ્ચય હોય અને તે ભગવાનની ઉપાસના-ભક્તિ કરતો હોય તે વાત ગમે, પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય ને ભગવાનને સદા સાકાર ન માનતો હોય ને તેની ઉપાસના ન કરતો હોય તો તે ન ગમે.'' આમ, શ્રીજીમહારાજને ભગવાનના સાકારપણામાં અતિશય અભિરુચિ છે એટલું જ નહિ, પરંતુ એમને ભગવાનના સાકારપણામાં દૃઢ પ્રતીતિ છે એવું તેઓ **વચ.મ. ૩૯**માં કહે છે, 'જે ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેમાં સદા સાકારમૂર્તિ એવા શ્રીકૃષ્ણ વાસુદેવ વિરાજમાન છે ને તે સાકાર થકા જ સર્વના કર્તા છે પણ નિરાકાર થકી તો કાંઈ થતું નથી, એવી રીતે સાકારની દૃઢ પ્રતીતિ છે, તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તોપણ એ પ્રતીતિ ટળી નહિ.' શ્રીજીમહારાજના હૃદયમાં સાકારપણાની આવી દૃઢ ગ્રંથિ પડી છે, તેનું કારણ કેવળ માનસિક, બૌદ્ધિક કે કેવળ મૂઢપણાની દૃઢતા નથી, પરંતુ તેઓ સાક્ષાત્ ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપને પ્રત્યક્ષપણે દેખે છે. તેઓ **વચ.પ્ર.૬૪**માં કહે છે : ''આ વાર્તા(સાકારપણાની) જે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે. માટે એમાં કાંઈ સંશય નથી.'' વળી, તેઓ **વચ.મ.૧૩ અને લો.૧૪માં** પણ કહે છે કે તેઓ એ મૂર્તિને સાક્ષાત્ દેખે છે. જોકે તેઓ પોતે જ અક્ષરધામના અધિપતિ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ છે. **(વચ.પં.૭, મ.૧૩, અં.૩૮)** તેથી પોતાને જ પોતાના સાકારપણાની દૃઢતા અને પ્રતીતિ કરવાનો પ્રશ્ન ક્યાં ઊભો થાય છે ? તેમ છતાં પોતે એ જ ભગવાન છે એવું કદાચ કોઈકને ન મનાય, તોપણ તેઓ ભગવાનના સાકાર સ્વરૂપને સાક્ષાત્ દેખે છે **(વચ.મ.૧૩)**, એવું મનાય તોપણ તેમણે સાકારપણા વિશે જે વાત કરી છે તે સત્ય મનાય. **અથવા**

૨. **પ્રગટની પ્રાપ્તિ-પ્રતીતિ-ભક્તિથી લાભ (૭૮)** પ્રત્યક્ષ ભગવાનનું જ્ઞાન એ જ ખરું જ્ઞાન છે. (લો.૭, પં.૭) પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ એ જ ખરી ભક્તિ છે. (વચ.પ્ર.૨૭) પ્રત્યક્ષ ભગવાનનાં ચરિત્રોનાં શ્રવણ, વાંચન ને ચિંતનથી જ આધ્યાત્મિક પુષ્ટિ થાય (વચ.મ.૫૮), વાસનાની નિવૃત્તિ થાય (વચ.પ્ર. ૩૮), શાંતિ થાય (વચ.મ. ૩૫) અને મુક્તિ થાય. (વચ.પ્ર.૩, મ. ૩૫) પ્રત્યક્ષ ભગવાનને વિશે દિવ્યભાવ રાખવાથી જ માયાની નિવૃત્તિ થાય. (પં.૭), નિર્દોષ થવાય. (વચ.પ્ર. ૨૪) પ્રત્યક્ષ ભગવાનના સંબંધથી જ નિર્ગુણભાવને પમાય. (વચ.મ. ૮, ૧૩) પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપના યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયથી જ કૃતાર્થતા અને પૂર્ણકામપણાની પ્રતીતિ-અનુભૂતિ થાય. (વચ.પ્ર.૭૨, લો.૨, મ.૧૩) પ્રત્યક્ષ ભગવાનથી જ આત્યંતિક કલ્યાણ થાય છે. (વચ.કા. ૭, મ.૩૨) આ દરેક મુદ્દા સાથે આવેલાં વચનામૃતો વાંચીએ, સમજીએ ત્યારે પ્રતીતિ થાય છે કે ભગવાન સ્વામિનારાયણે આત્યંતિક કલ્યાણ માટે પ્રત્યક્ષ ભગવાનને સમજવાનો ખૂબ આગ્રહ રાખ્યો છે. અહીં ફક્ત બે સંદર્ભો સમજીએ : **મ. ૨૧** - ''જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું

માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ.'' **મ. ૩૨** - ''વળી જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે, ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે. અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે.'' આત્યંતિક મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંતની આવશ્યકતા સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''આત્યંતિક મોક્ષ થાય તે જ મોક્ષ કહેવાય. ને બીજા ધામમાં ગયેથી ગર્ભવાસમાં આવવું પડે ને ગર્ભવાસમાં આવવું પડે ત્યાં સુધી મોક્ષ ન કહેવાય ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાનને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય, બીજાથી થાય નહિ, ને સંત તો ભગવાન જેવા સમર્થ છે.'' (સ્વા.વા. ૫/૫) ''પ્રગટ ભગવાન ને પ્રગટ આ સાધુનો આશરો કર્યાથી કલ્યાણ થાય છે. ને પરોક્ષ કથા, કીર્તન, વાર્તા ને અર્ચાથી કલ્યાણ થાય એમ લખ્યું છે, તે તો જીવને આલંબન દીધું છે.'' (સ્વા.વા. ૫/૮૬) સદ્. નિષ્કુળાનંદ સ્વામી પ્રગટનો જ સૂર પુરાવતાં કહે છે,

''જેમ પ્રકટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે,
જેમ પ્રકટ જળને પામી રે, જાય પ્યાસીની પ્યાસ તે વામી રે,
જેમ પ્રકટ અન્નને જમે રે, અંતર જઠરાઝાળ વિરમે રે,
તેમ પ્રકટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે,
માટે પ્રકટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રકટ ત્યાં આવી મળવું રે.
જ્યાં હોય પ્રભુ પ્રકટ પ્રમાણ રે, તિયાં જનનું સહજે કલ્યાણ રે.
(ભક્તિચિંતામણિ : ૧૬૪)

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે,
તેહ વિના તે કોટિ ઉપાયે રે, આત્યંતિક કલ્યાણ ન થાયે રે. (કલ્યાણનિર્ણય : ૨)

૩. **શ્રીજીમહારાજ સર્વોપરી : વચનામૃત આધારે (૫૦)** શ્રીજીમહારાજ સ્વયં અક્ષરધામના અધિપતિ અને સર્વોપરી સર્વાવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે એવી સ્પષ્ટ વાતો એમણે પોતે જ અનેક વચનામૃતોમાં કરી છે. જેમ કે, **મ. ૧૩** - ''એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ તથા અક્ષરધામ કહીએ, અને એ પ્રકાશને વિશે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ.... અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે, અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિશે લીન થાય છે.... અને જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.'' **અં. ૩૮** - ''એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિશે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે, અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'' **અમ. ૬** - ''આ સત્સંગને વિશે જે ભગવાન બિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે, ને પોતે તો અવતારી છે, ને એ જ સર્વેના અંતર્યામી છે ને એ જ અક્ષરધામને વિશે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે.'' **અમ. ૭** ''અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા, ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા, અને પછી અમે દેહને વિશે આવ્યા ને ફેર અંતર સામું જોયું ત્યારે એમ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેનો કર્તા પણ હું જ છું ને અનંત બ્રહ્માંડનાં અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે.'' આ રીતે શ્રીજીમહારાજના શ્રીમુખનાં વચનોથી દૃઢ પ્રતીતિ થાય છે કે તેઓ પોતે જ સર્વોપરી સર્વાવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન છે. **અથવા**

૪. **શ્રીજીમહારાજે પોતાના આશ્રિત સંતો-ભક્તો દ્વારા કરાવેલું ઐશ્વર્ય દર્શન (૬૫)**

શ્રીજીમહારાજે પોતાના સમગ્ર જીવનકાળ દરમ્યાન અસાધારણ ઐશ્વર્ય તો વાપર્યું જ છે, પરંતુ તેમણે પોતાના આશ્રિત એવા સંતો-ભક્તો દ્વારા પણ અસાધારણ ઐશ્વર્યનાં દર્શન સૌને કરાવ્યાં છે. પૂર્વે થયેલા અવતારોએ જેવાં ઐશ્વર્ય દેખાડ્યાં છે, તેવાં કે તેનાથી પણ અધિક ઐશ્વર્ય તો શ્રીજીમહારાજે પોતાના આશ્રિત જનો દ્વારા દેખાડ્યાં છે. સંપ્રદાયનાં ગ્રંથોમાં આવા અનેકાનેક પ્રસંગો અને સંદર્ભો પ્રાપ્ત થાય છે. જેમ કે, સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડ ખાલી કરાવ્યા. વ્યાપકાનંદ સ્વામીએ મરેલી ઘોડીને જીવતી કરી. ગોપાળાનંદ સ્વામીએ ગ્રહણ અટકાવ્યું. ભાદરામાં વશરામ સુથારના સંકલ્પમાત્રથી અનંત કીડીઓ ચતુર્ભુજ દેહ ધારીને ભૂમાપુરુષના લોકમાં ગઈ. શેખજી દ્વારા સમાધિ કરાવવારૂપ ઐશ્વર્ય બતાવ્યું. વળી, શ્રીજીમહારાજે સંતો દ્વારા ઐશ્વર્યોનું દર્શન કરાવ્યું હોય, તેવા કેટલાક પ્રસંગોની નોંધ અદ્‌ભુતાનંદ સ્વામીએ પણ પોતાના ગ્રંથમાં લીધી છે. જેમ કે. શ્રીજીમહારાજની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામી અઢીસો સંતો સાથે જામનગર ગયા. તેઓ સર્વે લાખોટા તળાવે ઊતર્યા. એક દિવસ શહેરમાંથી કેટલાક વણિકજનોએ ભેગા થઈને ત્યાં આવીને સ્વરૂપાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે તમારામાં કોઈ કૃષ્ણ જેવા છે ? ત્યારે સ્વામી બોલ્યા કે ''દેખ, એ સબ કૃષ્ણ જૈસા હૈ.' એમ કહ્યું એ જ સમયે અઢીસો સંતો કૃષ્ણ રૂપે દેખાયા. આવો ચમત્કાર જેમના સંતોના વચનમાં છે, ત્યારે તેમના નિયંતા સહજાનંદ સ્વામીને વિશે તો અનંત પ્રકારનાં ઐશ્વર્ય હોય એમાં શું કહેવું ? એ તો હોય જ. (શ્રીહરિની અદ્‌ભૂત વાર્તાઓ : ૪૪) શ્રીજીમહારાજે નરનારાયણાનંદ, કૃષ્ણાનંદ, પૂર્ણાનંદ - આ ત્રણ સંતોને કહ્યું કે તમે બુરાનપુર તરફ જાવ. ત્યારે તેમણે કહ્યું કે અમે કાંઈ ભણ્યા નથી. ત્યાં જઈને શો સમાસ કરીએ ? ત્યારે મહારાજે એક સોટી મંગાવીને તેનો એક છેડો લાલ કર્યો અને બીજો છેડો પીળો કર્યો અને કહ્યું કે આ સોટીનો લાલ છેડો અડાડશો તો સમાધિ થશે અને પીળો છેડો અડાડશો તો સમાધિમાંથી જાગશે. સંતો બુરાનપુર આવ્યા. ત્યાં લોકોને કથાવાર્તા કરવા લાગ્યા. પણ તેમને વાત માન્યામાં ન આવી. તેથી તેમને સમાધિ કરાવીને જમપુરી તથા અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. આ બધું ઐશ્વર્ય જોઈને તેઓ બોલ્યા કે તમે તો ભગવાન છો. આવું વચન સાંભળીને સંતોએ સત્ય કહ્યું કે અમે ભગવાન નથી પણ એમના દાસ છીએ. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારકારણ ભગવાન તો અમારા ગુરુ સહજાનંદ સ્વામી છે. (શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ : ૧૦૦) શ્રીજીમહારાજ વિષ્ણુદાસને બદરિકાશ્રમ મોકલીને ત્યાંથી બોર મંગાવે છે, એ પ્રસંગ નોંધીને પછી અદ્‌ભુતાનંદ સ્વામી લખે છે, 'આ રીતે ઐશ્વર્ય-પ્રતાપ તો પોતાના સંતો દ્વારા બતાવ્યો અને અવતાર જેવાં કાર્ય તો સંતો દ્વારા કરાવ્યાં, તો તેમને સર્વ અવતારના અવતારી કોણ ન કહે ? કહે જ. (શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ : ૧૩૯) અવિશાનંદ બ્રહ્મચારી પણ પોતાનાં કાવ્યોમાં આ હકીકતને સ્પષ્ટપણે દૃઢાવે છે : ''આગે અવતારે કરી, કર્યાં પ્રાક્રમ ભારી; ભક્ત દ્વારે તેવાં કરે, માટે આ આ અવતારી. (૫દ : ૨૫૧)

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૦)**

> **નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **અક્ષરધામની પ્રાપ્તિ માટે સર્વોપરીપણાની નિષ્ઠા (૩૪-૩૭)** જ્યાં ગયા પછી પાછું ફરવાનું નથી, એવા અક્ષરધામની પ્રાપ્તિરૂપ આત્યંતિક કલ્યાણ માટે, અક્ષરાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એટલે કે ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી અને સર્વાવતારી સમજવા, એ એક અનિવાર્ય સિદ્ધાંત છે. શ્રીજીમહારાજ પોતે જ પોતાનો આ પ્રકારનો અભિપ્રાય જણાવતાં વચ.મ.૯માં કહે છે : ''જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ. અને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહિ, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ. અને જો ભગવાનનું વચન કાંઈક લોપાયું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહિ. માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.' અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું

નથી, અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિશે ભગવાનની સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે, અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય, તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.'' જે ભગવાનનું ભજન કરીને જેમના ધામમાં જવાનું છે, તેમને સર્વોપરી ન સમજીને બીજા અવતાર જેવા જાણવારૂપ દ્રોહ થાય, તો તેમના ધામમાં પહોંચી જ કેમ શકાય ? મહારાજના હૃદ્‌ગત અભિપ્રાયને સમજનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં મહારાજને સર્વોપરી સમજવાની અનિવાર્યતા દૃઢાવે છે. ''મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.'' (સ્વા.વા. ૩/૧૨) ''સર્વ કરતાં ઉપાસના સમજવી એ મોટું સાધન છે ને સર્વમાં ઉપાસના મુખ્ય બળવાન છે. તે સર્વોપરી ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા, એક એ તો સમજવાનું છે... ને ઉપાસનાની વિક્તિ જે, જેવા મહારાજને સમજે તેવો પોતે થાય. મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે તો ગોલોકને પામે, ને રામચંદ્રજી જેવા સમજે તો વૈકુંઠને પામે, ને વાસુદેવ જેવા જાણે તો શ્વેતદીપને પામે, ને નરનારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમને પામે, તે જેવા જાણે તેવો થાય, ને તેટલું ઐશ્વર્ય ને તેટલા સામર્થ્યને પામે, ને મહારાજને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ સમજે તો અક્ષરધામને પામે. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, ''જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે ને ભગવાન તો અપાર ને અપાર રહે છે.' માટે ઉપાસના ચોખ્ખી સમજવી એ મુખ્ય સાધન છે.'' (સ્વા.વા.૨/૨) મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત વાંચવાની આજ્ઞા કરીને બોલ્યા જે, 'આ વચનામૃતમાં કહ્યું છે તેમ મહારાજને પુરુષોત્તમ જાણશે ને સત્સંગમાંથી નીકળી જાશે તોપણ અક્ષરધામમાં જાશે, ને સત્સંગમાં રહેતો હશે ને ધર્મ પાળતો હશે ને ઊર્ધ્વરેતા હશે, પણ મહારાજને પુરુષોત્તમ નહિ જાણે તો બીજા લોકમાં જાશે.'' (સ્વા.વા.૫/૩૦૬, ૧/૨૬૧) ''શુદ્ધ સ્વરૂપનિષ્ઠા રાખવી, નીકર વાંધો ભાંગશે નહિ, એમ મહારાજે પણ કહ્યું છે. તે માટે આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ સહજાનંદ સ્વામી તે સર્વ શ્રીકૃષ્ણાદિક જે અવતાર તેમના અવતારી ને સર્વેના કારણ ને સર્વેના નિયંતા છે, એમાં લેશમાત્ર ફેર નથી, એમ જાણીને પતિવ્રતાની રીત રાખવી, તો ઠેઠ અક્ષરધામમાં પુગાશે.'' (સ્વા.વા.૬/૭) ગોપાળાનંદ સ્વામી પણ એમની વાતોમાં કહે છે : ''એક હરિભક્તને મહારાજે કહ્યું જે, 'અક્ષરધામમાં જઈ આવો.' પછી તે સમાધિ કરીને સર્વે ધામ જોઈને અક્ષરધામમાં ગયો. તેને મહારાજે પૂછ્યું જે, 'કયા કયા ધામમાં જઈને આવ્યા ?' ત્યારે તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આપણા કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે બદરિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં તથા વૈકુંઠમાં તથા ગોલોકમાં એ સર્વે ધામમાં તે સર્વેને મેં દીઠા. તે અહીં કેમ ન આવ્યા ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'અમને તે તે ધામના પતિ જાણ્યા માટે ત્યાં રહ્યા છે. અને આ સર્વે છે તેમણે તો અમને સર્વે અવતારના અવતારી જાણીને અને વળી સર્વે ધામ થકી પર જે બ્રહ્મમહોલ તેના પતિ જાણ્યા છે. તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે. અને પૂર્વે જે કહ્યા તેમણે તો અમને તે તે અવતાર જેવા જાણ્યા. તે માટે એમને તે તે અવતારના જેટલું ઐશ્વર્ય આપ્યું છે. અને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે. તે જો અમે પંડે જઈને કહીએ તોપણ તે ન માને અને એમ કહે જે, અમને ભરમાવો છો, પણ અમે એમ તમારા સ્વરૂપમાંથી પડીએ એવા નથી. એમ કહીને તે તે ધામમાં રહે છે, તે વાર્તા એકાંતિક સાધુ વિના સમજાય નહિ.'' (ગો.સ્વા.વા. ૧/૧૦૮) ''એ અક્ષરધામને ક્યારે પમાય ? તો જ્યારે પુરુષોત્તમ ભગવાન એવો સંકલ્પ ધારીને આંહી પધારે જે, 'મારી મૂર્તિનો સંબંધ થઈને જેને મારા સ્વરૂપનો નિશ્ચય થાય તે સર્વેને મારે અક્ષરધામમાં લાવવા છે.' એવો સંકલ્પ ધારીને જ્યારે આંહીં પધારીને જેને પોતે લઈ જાય તેથી જ અક્ષરધામમાં જવાય છે. પણ બીજા અવતારથી અક્ષરધામમાં ન લઈ જવાય, તો સાધને કરીને તો ક્યાંથી પામે ?'' (ગો.સ્વા.વા. ૧/૫૨) અક્ષરધામની પ્રાપ્તિરૂપ આત્યંતિક કલ્યાણ માટે શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજવું અનિવાર્ય છે, એવી દૃઢતા કરાવતો ભાયાત્માનંદ સ્વામીનો એક પ્રસંગ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. ભાયાત્માનંદ સ્વામી વચનની મૂર્તિ ગણાતા. એમણે મહારાજનું એક પણ વચન હેઠું પડવા દીધું નથી. દેહભાવનો ભુક્કો બોલાવીને અખંડ આત્મા રૂપે વર્તનારા હતા. એમની ઉંમર ૧૧૬ વર્ષની થઈ હતી, એ

૮૦૨

વખતે એમણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું : 'મને કંઈ વાસના નથી, છતાં મહારાજ કેમ તેડવા આવતા નથી ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'તમને હજુ મહારાજના સર્વોપરી સ્વરૂપની પાકી નિષ્ઠા થઈ નથી. શ્રીજીમહારાજને તમે બહુ વહાલા છો, ને મહારાજની આજ્ઞા અખંડ પાળનારા છો, ને મહારાજ પણ તમને બહુ વહાલા છે, ને મહાસમર્થ છો, પણ મહારાજનું સ્વરૂપ જેવું છે તેવું યથાર્થ જાણવા માટે તમારે કાંઈક ફેર છે, માટે મહારાજ એમ જાણે છે જે આ આત્માનંદ સ્વામી મને બહુ વહાલા છે ને મારી મૂર્તિ વિના તે રહી શકે એવા નથી, તે ઝાઝા દિવસ જીવીને પણ મારા સ્વરૂપને જેમ છે તેમ જાણીને પછી દેહ મૂકે તો મારી સમીપમાં રહેવાનું એમને સુખ આવે, એમ વિચારીને તમારો દેહ મહારાજ રાખ્યે જાય છે. તેથી મહારાજ તેડવા આવતા નથી. માટે શ્રીજીમહારાજના સ્વરૂપની હું તમને વાત કરું, તે પ્રમાણે અંતરમાં ઉતારીને જીવમાં ગેડ બેસાડી દ્યો, તો પછી તમારો દેહ તરત જ મુકાવી દેશે.' પછી સ્વામીએ, તેમને મહારાજે જે જે પ્રસંગે પોતે સર્વોપરી ભગવાન છે એવી વાત કરેલી, તે પ્રસંગો યાદ કરાવીને મહારાજના સર્વોપરી સ્વરૂપની દૃઢતા કરાવી. પછી થોડા સમય બાદ મહારાજ તેમને ધામમાં લઈ ગયા.

૨. **શ્રીજીમહારાજે સ્વસ્વરૂપ વિશે કરેલી વિભિન્ન વાતો** (૭૧-૭૩) મહારાજે સમગ્ર વચનામૃતમાં પોતાના સ્વરૂપ વિશે અનેક પ્રકારની જુદી જુદી વાતો કરી છે. ક્યારેક પોતે સાધક છે એમ કહ્યું, તો ક્યારેક પોતે સાધુ છે, એકાંતિક ભક્ત છે એમ કહ્યું. ક્યારેક પોતે આચાર્ય, ગુરુ કે ઉપદેષ્ટા છે એમ કહ્યું, તો ક્યારેક પોતે ઈષ્ટદેવ છે એમ જણાવ્યું. કોઈક વખત પોતે શ્રીનરનારાયણના આશ્રિત છે એમ કહ્યું, તો ક્યારેક પોતે જ શ્રી નરનારાયણ છે એમ કહ્યું. ક્યારેક પોતે શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક છે એમ સમજાવ્યું, તો ક્યારેક પોતે જ શ્રીકૃષ્ણ ભગવાન છે એમ કહ્યું. ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાન, ક્યારેક નરનારાયણ તો ક્યારેક પોતે જ સૌના ઈષ્ટદેવ છે એમ જણાવે છે. ક્યારેક શ્રીનરનારાયણને સર્વાવતારના અવતારી કહ્યા, ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનને, તો ક્યારેક વળી પોતાને જ સર્વાવતારી તરીકે નિર્દેશે છે. ક્યારેક નરનારાયણને, ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનને, તો વળી ક્યારેક પોતાને જ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે ઓળખાવે છે. અક્ષરધામના અધિપતિ તરીકે ક્યાંક શ્રીકૃષ્ણ ભગવાનને, ક્યાંક નરનારાયણને, તો વળી ક્યાંક પોતાને જ નિર્દેશે છે. ક્યાંક શ્રીકૃષ્ણ ભગવાનને સર્વોપરી કહે છે, તો ક્યાંક પોતે જ સર્વોપરી છે એવું ભારપૂર્વક જણાવે છે. આ પ્રમાણે સમગ્ર વચનામૃતના અભ્યાસ પરથી જણાય છે કે મહારાજે પોતાના સ્વરૂપ વિશે અનેક પ્રકારની જુદી જુદી વાતો કરી છે. આ રીતે વચનામૃત તેમજ સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં મહારાજના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો વાંચતાં કે સાંભળતાં કેટલાક પ્રશ્ન ઉદ્‌ભવી શકે છે. જેમ કે, શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વોપરી ભગવાન હોવા છતાં, તથા તેઓ પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સૌને દૃઢ કરાવીને પોતાના સર્વોપરી અક્ષરધામમાં લઈ જવા માટે આ લોકમાં પધાર્યા હોવા છતાં, તેમણે પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો કેમ કરી છે ? તેમણે પોતાના સ્વરૂપ વિશે સર્વત્ર અને સર્વદા સમાનપણે સર્વોપરીપણાની વાતો શા માટે ન કરી ? વળી, મહારાજે ફક્ત પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો જ નથી કરી, પરંતુ પોતે બાંધેલા બધાં જ મંદિરોમાં મુખ્યપણે જુદા જુદા દેવો પણ પધરાવ્યા છે. જેમ કે, અમદાવાદ, ભુજ - શ્રીનરનારાયણ દેવ, વરતાલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવ, ધોલેરા - શ્રીમદનમોહન દેવ, જૂનાગઢ - શ્રીરાધારમણદેવ, શ્રીરણછોડત્રિકમજી, શ્રી સિદ્ધેશ્વર મહાદેવ, ગઢડા - શ્રી ગોપીનાથદેવ, શ્રીસૂર્યનારાયણ દેવ. આ બાબતે પણ પ્રશ્ન થાય કે મહારાજે બધાં જ મંદિરોના મધ્ય ખંડમાં પોતાની જ મૂર્તિ પ્રતિષ્ઠિત કરવાને બદલે જુદા જુદા દેવોની મૂર્તિ શા માટે પધરાવી ? આપણે જાણીએ છીએ કે મહારાજે તો રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ચૌદમાને દિવસે જ 'રાધાકૃષ્ણ'ને સ્થાને 'સ્વામિનારાયણ'નું ભજન શરૂ કરાવ્યું. ભજન સ્વામિનારાયણનું અને પ્રત્યેક મંદિરમાં મૂર્તિઓ જુદી જુદી? કોઈએ, ક્યારેય અને ક્યાંય પણ સીતારામની મૂર્તિ પધરાવીને રાધાકૃષ્ણનું અને રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવીને સીતારામનું ભજન કરાવ્યું છે ? તો પછી મહારાજે આ શા માટે કર્યું ? મહારાજે જુદી જુદી વાતો કરીને જુદાં જુદાં સ્થાનોમાં જુદા જુદા દેવો શા માટે પધરાવ્યા હશે ? મહારાજે પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો કરી છે કે જુદા જુદા દેવો પધરાવ્યા છે, તે માટે રહેલા રહસ્ય કે કારણને સમજવાં જરૂરી છે. એ માટે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં જીવન અને વચનો તથા સંપ્રદાયના ઈતિહાસનો અભ્યાસ અને વિચાર કરતાં નીચે જણાવેલાં કેટલાંક કારણો ગણાવી શકાય.

### વિભાગ : ૨ 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે

**નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. વિઘ્નો વચ્ચે સંતોને ભગતજી મહારાજનું આકર્ષણ**

૧. ભગતજીની આગાહી - આ વખતે તમને ખરેખરું દુઃખ આવશે. નિર્માની થઈ, ધીરજ રાખી ખમી રહેજો. જેમ કહે તેમ કરજો. ૨૩૬

૨. 'શ્યામ બીન કૈસી બીતી દિન રતિયા !' વરતાલ સાધુઓની માફી માંગી. સંતો વળી પાછા નડિયાદ ભગતજીનો સમાગમ કરવા. ૨૩૯

૩. ભગતજીનો મહિમા વર્ણવતાં મોતીભાઈના કાગળોની અસર મહાપુરુષદાસ, વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી એમ ૧૨ જણાને સત્સંગ બહાર કર્યા. ૨૪૧-૨૪૨

૪. 'એ દરવાજો તો એકાંતિક સત્પુરુષ પણ ઈંટ-પાણાનો દરવાજો નહિ. ભગતજી એ જ મોક્ષનો દરવાજો છે.' વિજ્ઞાનદાસજીનો અભિપ્રાય. ૨૪૨

૫. ભાદરણના પુરુષોત્તમભાઈ, નારના ઝવેરભાઈ વગેરે ભગતજીની આજ્ઞાથી આચાર્ય મહારાજને મળ્યા પણ પ્રયત્ન નિષ્ફળ ગયો. ૨૪૩

૬. આટલા દુઃખો વચ્ચે સંતમંડળ મહુવામાં. ૨૪૩

૭. ભગતજીનો ઠપકો છતાં સૌ ભગતજીની પાછળ. ૨૪૪

૮. ગોપનાથના મંદિરમાં ઉતારો. વારાફરતી બે બે સાધુઓ સમાગમ માટે આવતા. ૨૪૪

૯. ફૂલચંદભાઈનો સંતોને પ્રશ્ન : તમે તેમના માટે આખો સત્સંગ મૂક્યો તો તે તમને કૂવામાં ન ઉતારે. એમ તેમનો વિશ્વાસ કર્યો છે માટે વચનામૃતની સાખે તમે એમના વિષે જે ઠરાવ કર્યા હોય તે સમજાવો. ૨૪૮

૧૦. યજ્ઞપુરુષદાસનો ઉત્તર : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે ગુણ ભગતજીમાં સાક્ષાત્ વર્તે છે. તેથી તેમનામાં શ્રીજીમહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા છે. (ગ. પ્ર. ૨૭) માટે અમે તેમની પાછળ પાછળ ફરીએ છીએ. ૨૫૧

૧૧. આજે દોષ નડે છે પણ આ સંગમાં કંઈ રહેવાનું નથી. સાધુ પુરુષોત્તમદાસને ભગતજીનું આશ્વાસન. ૨૫૬

૧૨. વરતાલ સમૈયામાં સંતોને ધોળા પહેરાવી ભેગા કરવાનો ઠરાવ થયો. જેનો ભગતજીના પ્રતિષ્ઠિત હરિભક્તોએ કરેલો વિરોધ. ૨૫૭

૧૩. કોઈ રીતે બહાર રહીને પણ ભગતજીનો યોગ રહેતો હોય તો અંદર ભળવું નહિ. - સાધુ વિજ્ઞાનદાસનો ઠરાવ. ૨૫૭-૨૫૮

૧૪. હરિભક્તો સાથે સંતમંડળ ફરીથી મહુવા. ૨૫૮

૧૫. યજ્ઞપુરુષદાસે બનાવેલું ભગતજીનું ગુણાનુષ્ટક - શ્રીમન્નિર્ગુણમૂર્તિયે.... ૨૫૯

૧૬. અમે બહાર નીકળ્યા તો અમને તમારો સંગ થયો ને મજા કરીએ છીએ. - યજ્ઞપુરુષદાસજી ૨૬૧

૧૭. જાનતા ક્યું નહિ, વે હમારી પીર...... ૨૭૮

૧૮. 'અમે તો બહાર નીકળ્યા તો પણ અમારી ભેગા તમે રહેતા નથી, તો વરતાલ ગયા પછી તો ભેગા રહેવાની આશા જ શી ?' - યજ્ઞપુરુષદાસજી - ભગતજીને વરતાલ જવાની આજ્ઞા કરી ત્યારે. ૨૮૯-૨૯૦

૧૯. ભગવાનના ભક્ત દેશકાળને પોતાની મરજી પ્રમાણે પ્રવર્તાવે છે. વિજ્ઞાનદાસજીને ધૂળિયા મોકલી દીધા. ત્યાંના હરિભક્તોમાં ભગતજી પ્રત્યે ભાવ થયો. ૩૧૨ થી ૩૧૫

૨૦. વિજ્ઞાનદાસની છપૈયા બદલી - ભગતજી સાથે એક માસ રહેવાની માગણી. ૩૧૫

૨૧. હું તો તમારે વિશ્વાસે અહીં બેસી રહ્યો છું અને મને વાંસદા આવવાની ના પાડી છે માટે આપ વડોદરા પધારો નહિ તો હું નડિયાદ આવીશ. - યજ્ઞપુરુષદાસ ૩૨૮
૨૨. વિજ્ઞાનદાસ સ્વામીને ધૂળિયામાં ભગતજીનો પત્ર મળતાં ત્રણ દુઃખ હતાં તે મટી ગયા. ૩૩૧
૨૩. શ્રીજીમહારાજ અને ભગતજી પધારે કે તરત જવું છે - વિજ્ઞાનદાસજી છપૈયામાં. ૪૦૨

**૨. ભગતજીનું ગુરુમુખી જીવન**

૧. પ્રથમ મિલન ગુરુ શિષ્યનું - વનનું મૃગલું ક્યાંથી આવ્યું ? ૨૧
૨. ગોપાળાનંદ સ્વામીના ધામાગમનથી થયેલ શોક-સ્વામીજીના સમાગમથી અપાર શાંતિ. ૨૨
૩. પ્રાગજી ભક્ત ભૂખ્યા હતા તો સ્વામીશ્રીને ભૂખ લાગી - શિષ્ય સાથે એકતા - જેમ ગુણાતીતાનંદ સ્વામીના ખભા પરની ગોદડીઓનો ભાર મહારાજને લાગ્યો તેવી એકતા. એક ટાણું જમતા તે નિયમ બાજુએ મૂકી દીધો. ૩૦
૪. પ્રાગજી ભક્ત આવશે ત્યારે જ હું પીરસીશ. ૩૨
૫. ભગતજીને સ્વામીના ત્રણ વરદાન. ૪૪-૪૭
૬. ગુરુની આજ્ઞામાં ટૂક ટૂક. મન, કર્મ વચને સેવા. ૪૬-૫૦
૭. કર્મે કરીને અનુવૃત્તિ મુજબ સેવા. ૫૦-૫૧
૮. નવી હવેલીના કામમાં. ૪૭
૯. ગિરનારને બોલાવવા. ૫૧
૧૦. મરેલું કૂતરું ખસેડ્યું. ૫૮
૧૧. મને કરીને સેવા - નિર્દોષ બુદ્ધિ ગમે તેવી આજ્ઞા અધ્ધર ઝીલી. એંઠવાડની કૂંડીમાં કૂદ્યા. (૬૦) ગાંગડાની પ્રસાદી મહિમાથી (૭૬) - ગુરુ પ્રત્યે નિર્દોષ બુધ્ધિ - જમી ગયા. ૬૦-૭૨
૧૨. વચને કરીને સેવા : સ્વામીના મહિમાની અક્ષરબ્રહ્મના પ્રવર્તનની વાતો - સ્વામીનો નિશ્ચય કરાવ્યો. ૯૩ થી ૧૦૧
૧૩. સ્વામીએ રાજી થઈને સાધુનો કસબ શીખવ્યો. આદર્શ સાધકમાંથી આદર્શ સિદ્ધ બનાવ્યા - મહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો. (૭૯-૮૧) ૬૬-૭૧
૧૪. ગુરુના મહિમાની વાતો કરવામાં ઘણી મુશ્કેલીઓ આવી છતાં ગુરુનો મહિમા કહેવામાં પાછી પાની નહિ. કમાશેઠે ધોલ મારી દીધી. - વિમુખ કર્યા - ઝેર આપવામાં આવ્યું. ૧૧૪, ૧૧૫, ૧૨૬, ૧૩૦
૧૫. વિમુખ થયા છતાં મહિમાનું પ્રવર્તન ચાલુ : પરાકાષ્ઠા અમદાવાદમાં હવેલી તળેની ઓસરીમાં દરવાજા બહાર બેસીને મુમુક્ષુઓને ઓળખાવેલું ગુણાતીતાનંદ સ્વામીનું સ્વરૂપ. ૧૪૬

**૩. ભગતજી મહારાજનો સંપ્રદાયની મહાન વ્યક્તિઓ પર પ્રભાવ**

૧. બાળપણથી જ ગોપાળાનંદ સ્વામી અને યોગાનંદ સ્વામીને પ્રભાવિત કર્યા હતા. ૧૩-૧૪
ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને ગુરુપદે સ્થાપ્યા અને પ્રાયશ્ચિત આપવાની આજ્ઞા કરી. ૮૩
૨. વરતાલના કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા ગિરધરભાઈ પર ભગતજીનો પ્રભાવ - ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈને પોતે ત્યાગાશ્રમ સ્વીકાર્યો. ૧૬૪-૧૭૦
૩. કોઠારી બેચર ભગત ભગતજીના યોગમાં - માપ લીધા વિના કેડિયું સીવ્યું - દેહનું નહિ અંતરનું કેડિયું સીવતાં આવડે છે. - ભગતજી સાચા એકાંતિક સંત છે તેવી નિષ્ઠા - વરતાલમાં ૧૭૦-૧૭૧
૪. બેચર ભગતનું માન ખંડન ભગતજીની નિર્માની થવાની આજ્ઞા - તેમના વચને સાધુ મહાપુરુષદાસ. ૧૮૮ થી ૧૯૧
૫. પવિત્રાનંદજીને ભગતજીએ વચ. પં. ૩ વંચાવી શાંતિ પમાડી - જેના દ્વારા અપમાન તેના પર જ ખૂબ પ્રભાવ. ૧૭૫-૧૮૦
૬. નડિયાદમાં અવતાર-અવતારી સંબંધી પ્રશ્નના નિરૂપણ માટે ભૂમાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને બોલાવ્યા. ૧૮૦
૭. ગિરધરભાઈ જ્યારે ભગતજીના રંગે રંગાયા ત્યારે ગોવર્ધનભાઈ પણ ભગતજીનો વિશેષ પ્રભાવ પડ્યો. ૧૬૬
૮. યજ્ઞપુરુષદાસજી પર ભગતજીનો પ્રભાવ. ૧૯૨-૧૯૩

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભગતજીએ કરાવેલી સ્વસ્વરૂપની ઓળખાણ**

૧. માલણ નદીનાં કાંઠે બાળમિત્રોને વાત કરતાં બાળ પ્રાગજી કહે છે **'હું તો બધું ભણેલો છું** અને મારે તો આ જન્મે પ્રભુ ભજવા છે અને અનેકને એ માર્ગે ચઢાવવા છે.' ૫

૨. મહુવાથી જૂનાગઢ જતાં પ્રાગજી ભક્તને વળાવવા આવેલા હરિભક્તોને ભગતજી કહે છે **' સ્વામી ક્યાં છેટા છે ? નિરંતર સ્વામી જ બોલે છે.'** ૮૭

૩. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે. તે વાત જ્યારે ભગતજીએ પવિત્રાનંદ સ્વામીને કરી ત્યારે ગુસ્સે થયેલા પવિત્રાનંદ સ્વામી ભગતજીને વિમુખ કરાવ તેવું કહ્યું ત્યારે ભગતજી કહે છે. 'સ્વામી તમે તો મને શું વિમુખ કરશો **! હવે તો શ્રીજી મહારાજ મને વિમુખ કરવા ધારે તો પણ હું થાઉં તેવો નથી રહ્યો !** કારણ કે પારસમણિનું કરેલું સોનું પાછું પારસમણિ થકી પણ લોઢું કદી થતું નથી.' ૧૦૪

૪. ભગતજીએ સીવેલું કેડીયું બરોબર આવી જતાં કોઠારી બેચર ભગત રાજી થયાં. ત્યારે ભગતજી બેચર ભગતને કહે છે 'આ તો દેહનું કેડિયું સીવ્યું છે, **મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે !** પણ એ સિવડાવવું હોય તો મારે આસને આવવું પડશે.' ૧૭૧

૫. વાતો કરતાં કરતાં હાથીની ઝૂલ સીવતાં ભગતજીને જોઇ યજ્ઞપુરુષદાસને સંકલ્પ થયો કે આ બે કામ સાથે કેવી રીતે કરતાં હશે ? ત્યારે ભગતજી અંતર્યામી રીતે તેમનો સંકલ્પ જાણી કહે છે 'સાધુરામ ! જીવ-પ્રાણી માત્રને બે લોચન હોય છે, વિદ્યાવાનને ત્રણ લોચન હોય છે, ધર્મવાળાને સાત લોચન હોય છે પણ **જ્ઞાનીને અનંત લોચન હોય છે. તેથી હું આંગળીએ દેખું, પાછળ બરડે દેખું , એમ બધે દેખું છું.'** ૧૯૨,૧૯૩

૬. યજ્ઞપુરુષદાસ પાસેથી ચરણારવિંદની જોડ ભગતજીએ રામરતનદાસજીને અપાવી દીધી. આ વાતની જાણ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને થતાં તેમણે ભગતજીને ઠપકો આપ્યો ત્યારે ભગતજીએ કહ્યું 'તમે ફિકર કરશો નહિ. **ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ** એટલે ઘણા સાધુ તેમની પાસે રહેશે. ૧૯૮

૭. હરિસ્વરૂપદાસને એકાંતિક ધર્મની વાત કરતાં કહે છે ' આ બધી વાતો કરી શિખરબદ્ધ મંદિર તો બાંધ્યું પણ હવે મૂર્તિ પધરાવી, કળશ ચડાવવો જોઇએ. તે ચિંતામણિની મૂર્તિ અને પારસમણિનો કળશ - એટલે જ્યારે પારસ થકી પારસ થશો ત્યારે ચિંતામણિની મૂર્તિ જડશે. **તે શ્રીજીમહારાજ ચિંતામણિ અને આ બેઠા છે. તે પારસમણિ** - એમ બે નિષ્ઠા પૂરી થશે ત્યારે જે કંઈ બાકી રહ્યું છે. તે સિદ્ધ થઈ જશે. ૨૦૧

૮. ચરોત્તરમાંથી ભગતજીનો સમાગમ કરવા આવેલા હરિભક્તોને ભગતજીએ વિદાય આપી પણ ભાદરણના પુરુષોત્તમ ઘેર ગયા નહિ. તેમને બોલાવી ભગતજીએ કહ્યું ' તારા મનમાં એમ છે જે, છ મહિના મહુવા રહીને ભગતજી એકાંતિક છે કે નહિ, એમ નિશ્ચય કરીને પછી જાઉં , પણ **લાખ વરસ રહીશ તો પણ નિશ્ચય કરાવવો કોના હાથમાં છે ?** ૨૦૫

૯. વરતાલમાં કોઠારીએ ભગતજીને પૂછયું 'તમારામાં લોકો બહુ તણાય છે. તે એવડું શું છે? 'ત્યારે ભગતજી જવાબ આપતાં કહે છે 'મારી પાસે કાંઈ નથી પણ **મારા ગુરુ ગુણાતીતની કૃપાથી મન સ્થિર કરી સંકલ્પ રહિત ભજન કરું છું અને ભજનના સુખે સુખિયો છું**. વળી સ્વામીનો મારા પર બહુ જ રાજીપો છે ને તેમની દૃષ્ટિ થઈ ગઈ છે. **તેથી શ્રીજીમહારાજ મને વળગ્યા છે** એટલે લોકો બહુ તણાય છે.' ૨૦૮

૧૦. વરતાલથી કોઠારીની ચિઠ્ઠી લઈ આવેલા પાળાઓને ભગતજી કહે છે 'કોઠારીને કહેશો કે ઉપાધિથી બીશો નહિ, ધાર્યું તો એક સ્વામિનારાયણનું જ થાય છે. તેથી **જો મને ચીરીને બે કટકા કરી દેશે, તો પણ હું મરવાનો નથી.** સ્વામિનારાયણ ભેગા કરીને સાંધી દેશે. વળી જેટલામાં રાજાનું રાજ્ય છે, તેટલામાં રાણીનું પણ રાજ્ય છે, તેમ જેટલો સ્વામિનારાયણનો હુકમ છે, તેટલો જ મારો હુકમ છે અને **મહારાજ મને વશ છે, માટે સ્વામિનારાયણના પ્રતાપે મારું ધાર્યું પણ થાય છે.** ૨૨૬

૧૧. મહુવા બંદરે સંતો-હરિભક્તોને ભગતજી ઠપકો આપતાં હતાં. તે જોઈને એક ટંડેલે ભગતજીને પૂછ્યું 'તમે આ બધાને શું કામ વઢો છો ?' ત્યારે ભગતજી ટંડેલને કહે છે **'હું પણ ભગવાનનો ટંડેલ છું** અને આ બીચારા અવળે માર્ગે ચાલે છે તેમાં મારું શું સારું થાય ? અને ભગવાન મને ઠપકો આપે કે ન આપે?' ૨૬૨

૧૨. ગઢડા લક્ષ્મીવાડીએ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કંઈક વિક્ષેપ થશે. તેવું લાગવાથી આચાર્ય મહારાજશ્રીએ ભગતજીને મહારાજની મરજી કેવી છે તે અંતવૃત્તિ કરીને જોવાનું કહ્યું ત્યારે ભગતજી બોલ્યા **'જેટલું તમારે અને મારે છેટું છે, એટલું જ મારે અને મહારાજને અક્ષરધામમાં છેટું છે** અને મહારાજની મરજી વિના સૂકુંપાંદડું પણ હલવા સમર્થ નથી. મહારાજ બહુ જ રાજી છે અને એમની મરજીથી બધું નિર્વિઘ્ને પાર પડી જશે.' ૩૦૭

૧૩. ગઢડામાં ભગતજીના દર્શન કરતાં રંગાચાર્યના મનોભાવ જોઈ ભગતજી કહે છે **' તમે માનો છો તેમજ છે. મહારાજ અંગોઅંગમાં રહ્યા છે.'** ૩૦૮-૩૦૯

૮૦૨

૧૪. શાસ્ત્રીજી મહારાજે સંવત ૧૯૨૦ની સાલ સુધીનું ભગતજી મહારાજનું જીવન ચરિત્ર લખ્યું હતું. તે ગોવિંદભાઈએ ભગતજીને વાંચી સંભળાવ્યું. તે સાંભળી ભગતજી બોલ્યા : **'આ સાંભળ્યા પછી અર્ધા કામાદિક શત્રુ નાશ પામી જાય એવું આ ચરિત્ર છે.** પણ હું છું ત્યાં સુધી પ્રકાશ કરશો નહીં.' ૩૧૨

૧૫. ગોવિંદભાઈના પ્રશ્નના જવાબમાં ભગતજી મહારાજ કહે છે : મચ્છર ગરુડની પાંખમાં બેસી જાય તો ગતિ કરે, પણ મચ્છર બનવા માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી પાંખોની જરૂર - મચ્છર થાય તો ગરુડની પાંખમાં શું, મારે માથે બેસારીને અક્ષરધામમાંલઈ જાઉં. ૩૨૩

૧૬. નડિયાદ મંદિરમાં ધ્યાનમાં બેઠેલા ભગતજીની પાછળ બેઠેલા એક હરિભક્ત ઊંઘતા હતા. પોતે ધ્યાનમાંથી જાગ્રત થઈ તેમને ઊઠાડતા કહ્યું 'તમને એમ હશે કે પછવાડે નહિ દેખતા હોય ! પણ **હું તો રૂંવાડે રૂંવાડે દેખું છું.** માટે આવું મંદિર જેવું સ્થાન, જ્યાં ભગવાન અને ભગવાનના સંત સાક્ષાત્ બિરાજતા હોય, ત્યાં આવીને ઊંઘીએ તો આપણે ભગવાનની ઉપેક્ષા કરી કહેવાય.' ૩૨૫

૧૭. વાંસદાના દિવાનને વાત કરતાં ભગતજી કહે છે ' દિવાન સાહેબ ! ગમે તેવી આત્માની વાતો કરો અને વિચાર કરો, પ્રગટ ભગવાનની ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે આડાઅવળા વિચારો પડતા મૂકીને **શ્રીજીના ધારક આ પ્રગટ સત્પુરુષનો દૃઢ આશ્રય શિર સાટે કરીને અખંડ ભજન કરવા માંડો.** ૩૩૭

૧૮. ઝવેરીલાલ અને પુરુષોત્તમ અને વૈદ્યને શ્વેતધર્મનો નિયમ રાખવાની વાત કરી ત્યારે ઝવેરીલાલે કહ્યું 'એ તો આપ અખંડ પાસે હો તો બને.' ત્યારે ભગતજીએ કહ્યું **'આપણે ક્યાં છેટા છીએ ?** છેટા માનવું જ નહિ.' ૩૭૫

૧૯. અમદાવાદની સભામાં સર્વ શાસ્ત્રના સિદ્ધાંતરૂપ શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધ, અ.૨૫ શ્લોક : ૨૦ પ્રસંગમજરં ....ઉપર વાત કરતાં મોક્ષના દ્વારની વાત શાસ્ત્રીજી મહારાજે કરી. તેથી રાજી થઈ ભગતજીએ શાસ્ત્રીજી મહારાજના માથે હાથ મૂક્યા. ત્યારે એક હરિભક્તે ભગતજીને કહ્યું 'તમે તો ગૃહસ્થ છો ને સાધુને માથે હાથ ન મૂકાય. તે કેમ મૂક્યા?'ત્યારે ભગતજીએ કહ્યું **'મેં નથી મૂક્યા સહજાનંદ સ્વામીએ મૂક્યા છે.'** ૩૮૦

૨૦. અમદાવાદમાં ઉપાસનાની વાત કરતાં કહે છે 'આ તો સર્વોપરી, સર્વ અવતારના અવતારી, એવા મહારાજ પ્રગટ્યા છે, અને 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી રીત પ્રવર્તાવી છે, તો તેવો નિશ્ચય કરી ઉપાસના દૃઢ કરી લેવી. હું તો દરજી છું તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાંધું છું. **દ્રવ્ય અને સ્ત્રી જીવમાંથી કાઢું છું અને ભગવાન અને સાધુ જીવમાં ઘાલું છું.** માટે મારી વાતો સાંભળશો તો ભગવાન અને સાધુ મુખ્ય થઈ જશે અને ઉપાસના દૃઢ જેમ છે તેમ સમજાશે. ૩૮૭

૨૧. બ્રહ્મચારી મુનીશ્વરાનંદ અને બ્રહ્મચારી હરિપ્રસાદાનંદ ભણેલા, વિદ્વાન, બ્રહ્મચારી, અને સદ્ગુરુ હોવા છતાં તેમની પાછળ એકય મનુષ્ય ફરતું ન હતું અને ભગતજીની પાછળ હજારો મનુષ્ય ફરે છે. અને ખેંચાય છે. તેનું શું કારણ છે? તેમ ભગતજીને પૂછયું ત્યારે ભગતજીએ કહ્યું 'મારી પાસે દૈવત તો કાંઈ નથી પણ મન, કર્મ, વચને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને મેં સેવ્યા છે અને રાજી કર્યા છે. તેથી **સ્વામીની કૃપાથી શ્રીજીમહારાજ મને વળગ્યા છે.** માટે આ બધા મનુષ્ય મારી પછવાડે ફરે છે અને લોકોને સુખ-શાંતિ થાય છે. બાકી મારામાં તો કાંઈ નથી. તમે પણ જો એવા એકાંતિકને સેવીને મહારાજને વશ કરો તો તમારી પછવાડે લાખો મનુષ્ય ફરશે. ૪૩૪

૨૨. માના ભગતે ભગતજીને પૂછયું : 'તમો ધ્યાન શી રીતે કરો છો ?' ત્યારે ભગતજીએ કહ્યું : 'મને ધ્યાન કંઈ આવડતું નથી. **હું સ્વામીની કૃપાથી આ દેહ ભૂલી જાઉં છું અને તમે બેઠા છો એમ મહારાજની મૂર્તિ દેખું છું.** વળી શબ્દ આવે તો કાનની, રૂપ આવે તો નેત્રની વૃતિ ખેંચી લઉં છું. એટલું આવડે છે. બીજું કંઈ આવડતું નથી. હું નાનો હતો ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે આ પ્રાગજીને તો મહારાજ વરશે અને હજારોને એકાંતિક ધર્મ પમાડશે. તેથી **મારો જે સંગ કરે એને હું મહારાજને સુખે સુખિયો કરી દઉં છું.'** ૪૩૯

૨૩. ભગવદીય થવા માટે જીવના દોષ ટાળી નાખવાની પ્રાર્થના ભગતજીના ભત્રીજા નારણભાઈએ કરી. ત્યારે ભગતજીએ કહ્યું : અક્ષરધામમાં જવું હોય તો વિષય વાસના ટાળી નાંખ્ય. **તારે તો ભગવાને ઢૂંકડું કર્યું છે.** ૪૪૬

૨૪. ગઢડામાં આચાર્ય મહારાજ સાથે ધ્યાન સંબંધી વાત કરતા ભગતજી કહે **'તમારે અને મારે છેટું છે, એટલું જ મારે અને મહારાજને છેટું છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમમાં તો આવ-જા કરું છું,** પણ તેમાં કાંઈ સુખ નથી, એટલું નક્કી કર્યું છે. તે તમો પણ નિશ્ચત માનજો.' 'આ લાભ, આ જોગ, અને આ પુરુષ મળે તેમ નથી. ૪૫૦

૨૫. માના ભગત સાથે વાત કરતાં ભગતજી કહે છે : **અમારે તો ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપે આંખનું મટકું**

૮૦૨

**મારીએ એટલી વાર પણ ભગવાન ભૂલાતા નથી** અને જો ત્રણે અવસ્થામાં ભગવાન ન દેખાતા હોય તો આ બ્રાહ્મણના સમ છે.' ૪૫૩

૨૬. જૂનાગઢમાં સાધુઓ પ્રત્યે વાત કરતા કહે છેઃ 'તમે તો મારા ભાઈબંધ છો. તે અહીં બેઠેલા ગુજરાતના હરિભક્તોને પૂછો કે મારા સંબંધ થકી મહારાજનું સુખ કેવું આવે છે? **મારે અને શ્રીજીમહારાજને અણુમાત્ર છેટું નથી અને હું બોલું છું તે પણ મહારાજની મૂર્તિને અખંડ ધારીને જ બોલું છું.** તે આજ તો તમને નહિ દેખાય પણ જો ત્રણ ગુણ, ત્રણ દેહ અને ત્રણ અવસ્થાના ભાવથી પર થઈ જશો તો શ્રીજી સાક્ષાત્ દેખાશે. હું તો શ્રીજીમહારાજનો દાસ છું. પણ જેમ વડવાનળ અગ્નિ ખારા જીવને મીઠા કરી નાખે છે તેમજ જે આ જગતના ખારા અને નકારા જેવા જીવ આ સંબંધને પામે છે, તેને પરમ ભક્ત બનાવી શ્રીજીમહારાજની મૂર્તિ આપી દઉં છું. આટલો તો પ્રતાપ સ્વામી થકી પામ્યો છું. ૪૭૦

૨૭. મહુવામાં નાગર મંડળને કહે છે : હું તો નિરંતર ઇન્દ્રિયો, અંતઃકરણની વૃતિઓ પાછીવાળી, આત્મામાં હોમીને **આત્મામાં જે પરમાત્મા, તેને ધારી રહ્યો છું.** ૫૩૨

૨૮. મહુવામાં જેઠાભગતને કહ્યું : **મારાં જેને એક વખત દર્શન થયાં હશે, તેને હું અક્ષરધામમાં લઈ જઈશ** અને ત્યાં મહારાજ, સ્વામી તથા મુક્તોનાં દર્શન કરાવીશ. પછી જેને જેની વાસના હશે, તેને તેવા લોકમાં મૂકીશ અને ત્યાં પ્રથમ દીઠેલું અક્ષરધામનું જે સુખ તેની સ્મૃતિ કરાવી, તે લોકમાંથી ઉદાસ કરીશ. અક્ષરધામના અતિ અધિક સુખની જિજ્ઞાસા તેને કરાવીશ. પછી જે બ્રહ્માંડમાં મહારાજનો અવતાર હશે, તે બ્રહ્માંડમાં તેને અવતાર ધરાવી, હું પણ સાથે આવી, તેને નિર્વાસનિક કરી, એકાંતિક બનાવી, અક્ષરધામમાં લઈ જઈશ. ૫૩૨-૫૩૩

૨૯. ભગતજીના ઘેર આવેલ બ્રાહ્મણ અનિમેષ દૃષ્ટિએ ભગતજીનાં નેત્રની કીકીમાં જોઈ રહ્યો હતો. તે જોઈને ભગતજીએ તેને કહ્યું : મહારાજ ! શું જુઓ છો ? **અહીં તો રૂંવાડે રૂંવાડે શ્રીજીમહારાજ છે.** ૫૫૦

૩૦. અંતિમ દિવસોમાં આવેલ અન્નકૂટના દર્શને ગયા. ત્યાંથી પાછા આવીને જેઠા ભગતને ભગતજી કહે છે : **'આ વખતે જેણે જેણે મારાં દર્શન કર્યાં હશે તે તમામનું કલ્યાણ થશે.'** લગભગ પાંચ હજાર હરિભક્તો આવ્યા હશે. એટલે હું છેવટનાં દર્શન કરવા મંદિરમાં તણાઈને આવ્યો અને સૌને સંબંધ થયો. પ્રગટ ભગવાનના એકાંતિક ભક્તનો અલૌક્કિ મહિમા હોય છે. તે બધાને ન સમજાય. ૫૫૨

**૨. ભગતજીના બાળચરિત્રો**


૧. માલણ નદીએ સાગરિતોને **'હું તો બધું ભણેલો છું.'** ૫

૨. ભૂલા બાવાના સંગે હનુમાનજીનો મહિમા. ૫

૩. કોઈ સાધુના કહેવાથી રામનું ભજન, મહંત સૂર્યભારથીનો પ્રેમ-ભાવ રામકથાની શરૂઆત માટે બાળભક્ત પ્રાગજીની રાહ જોતા. ૬

૪. સાડા સાત શેરનું ચૂરમું જમી ગયા. **'ચૂરમાનો ખાનારો તો આ રહ્યો.'** ૬-૭

૫. મહુવા મંદિરમાં સ્વામીશ્રી યોગાનંદના યોગથી સંપ્રદાયમાં પ્રવેશ. ૭

૬. માતાના સાળુનો પાલવ ફાડી વેચી જે રકમ આવી તેમાંથી સંતોને રસોઈ આપી. યોગાનંદ સ્વામીની આગાહી - **'મહાન પુરુષ થઈ હજારોને ભગવાન ભજાવશે.'** ૮


**૩. યજ્ઞપુરુષદાસજીની ગુરુભક્તિ**


૧. ભગતજીના યોગમાં શાસ્ત્રીજી મહારાજ - જ્ઞાનીને તો અનંત લોચન - મનોમન ગુરુ તરીકે સ્વીકાર્યા ૧૯૩

૨. ભગતજીના સાધુ વિજ્ઞાનદાસજીનો યજ્ઞપુરુષદાસજીએ પક્ષ રાખ્યો. (લોટો ઊટકીને વીછળીને બોળ્યો હતો.) ૧૯૫

૩. ભગતજીની ઈચ્છા જોઈને રામરતનદાસને ચરણારવિંદ આપી દીધા. ૧૯૭

૪. ભગતજીની કૌમુદી ભણવાની આજ્ઞા સ્વીકારી ૨૦૪

૫. દાજીભાઈ બારોટ સાથે મહારાજની પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા તુંબડી ભેટ મોકલ્યાં ૨૦૬

૬. ભગતજીની આજ્ઞાથી સૌ સંતોને પગે લાગી માફી માગી. (એ તો કાપ્યું વ્યાજ ચૂકવે એવો છે.) ૨૩૬

૭. ભગતજીને ત્રણ કેરી જમાડી રાજી કર્યા. ૨૪૭

૮. યજ્ઞપુરુષદાસજીએ મહુવાના હરિભક્તોને સમજાવેલું ભગતજીનું એકાંતિક સ્વરૂપ ૨૪૭ થી ૨૫૩

૯. રાયણ કોકડીની ભેટ આપી રાજીપો મેળવ્યો ૨૫૫

૧૦. ભગતજીનું ગુણાષ્ટક. ૨૫૯-૨૬૦

૧૧. અઢાર શ્લોકોમાંથી મુદ્દાનો શ્લોક. (પ્રસંગમ્ મજરં ....... ) ૨૭૫

૧૨. ભગતજીને રાજી કરવા સાડા ત્રણ રોટલા ખાધા. ૨૭૯
૧૩. દૂધપાક અને પૂરણપોળીની રસોઈ. ૨૮૯
૧૪. મહેમદાવાદના હરિભક્તોને ભગતજીનો મહિમા કહી અમદાવાદ સમાગમ કરવા મોકલતા.- એક જ નિશાન ગુરુ મહિમા ૩૬૬
૧૫. ભગતજીનો આગ્રહ અને મરજી જાણી અમદાવાદમાં પ્રસંગમજરં ....... ૫૨ વાત કરી મોક્ષનું બતાવ્યું. ૩૭૯
૧૬. આચાર્ય વિહારીલાલજી મહારાજને પત્ર લખી જૂનાગઢ સમૈયા ઉપર તેડાવ્યા- જ્યાં અપમાન થયું ત્યાં જ સન્માન કરાવ્યું. ૪૫૮, ૪૬૦-૪૬૧

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **વિજ્ઞાનદાસજીને સંસ્કૃત ભણવાની આજ્ઞા (૧૮૪) પ્રસંગ :** ભગતજીએ વિજ્ઞાનદાસ સ્વામીને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરતાં કહ્યું : સંસ્કૃત ભણશો તો બ્રહ્મવિદ્યા પણ દીપી ઊઠશે. ત્યારે સ્વામીએ કહ્યું : આપના સમાગમ દ્વારા અખંડ ભજન કરવાનું મારે સિદ્ધ કરવું છે. તે મૂકીને સંસ્કૃત ભણવાની મારી ઈચ્છા નથી. ત્યારે ભગતજીએ કહ્યું : શુકદેવજી પણ બ્રહ્મસ્થિતિવાળા હતા, અખંડ ભજન કરતા હતા, તો પણ શ્રીકૃષ્ણના લીલાચરિત્ર ગાવા વેદવ્યાસ પાસે શ્રીમદ્ભાગવત પુરાણ ભણ્યા. મોટા મોટા મુનિઓ પણ નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરે છે, છતાં શ્રીહરિનાં ગુણ ગાવારૂપ ચરિત્રો ભણવામાં આનંદ માને છે. સ્વામી : શુકદેવજી તો સિદ્ધ સ્થિતિ થયા પછી ભણ્યા હતા. ભગતજી : તમારે એવી સ્થિતિ કરવી હોય તો વાર નથી. પણ દોષમાત્રનાં મૂળ ઉખડ્યાં નથી. સ્વભાવ ટળ્યા નથી, ત્યાં સુધીમાં જો દૃષ્ટિથી સિદ્ધદશા થઈ ગઈ તો દોષ અને સ્વભાવ પણ સિદ્ધ થઈ જશે અને પછી કાઢવાં કઠણ પડશે. દૃષ્ટાંત આપતાં કહે છે. ઘોડાને પલોટવામાં કંઈક ખોટ રહી ગઈ અને ચડાઉ કરી દીધો. તે ખોટ કાયમ રહી ગઈ. તે ચડનારને કોઈ દિવસ સુખ આવ્યું નહિ. એમ જો સ્વભાવ ગયા વગર સિદ્ધદશા આવી જશે, તો ખોટ રહે અને તમને કે તમારો સમાગમ કરનાર કોઈનેય સુખ નહિ આવે. એમ સમજાવી બહુ આગ્રહ કરી ભણવાનું નક્કી કરાવ્યું. સ્વામીએ ભણવાનું શરૂ કરી વેગ લગાડી દીધો. તેમની સાધુતાની રીત અને નિઃસ્વાદી વર્તમાન શુદ્ધ પાળવાની ટેવથી, તેમની પાસે કોઈ જમવા બેસે નહિ. જે પત્તરમાં આવે તેમાં પાણી રેડી ચોળીને પી જતાં. એટલે બીજા સાધુઓ તેમને ગોબરો કહેતા. વધેલું પાણી પી જતાં પછી ચોવીસ કલાકે જમ્યા બાદ ફરી પાણી પીએ. આવું તપ શ્વાસોચ્છ્વાસે ભજન કરવાનો આગ્રહ અને વૈરાગ્યની પરિસીમા જોઈને તેમનું વૃત્તાંત સૌને કદરજ જેવું લાગતું. **મનન :** સિદ્ધદશા પામતાં પહેલાં દોષ અને સ્વભાવ ટાળવા જોઈએ. નહિ તો વામનજીની ભેગી લાકડી પણ વધી તેમ દોષોને સ્વભાવ પણ વધી જાય. નિયમ પાળવામાં પણ શૂરવીર રહેવું. સત્પુરુષની ઈચ્છા આગળ આપણી વાત મૂકી દઈ તેમના ગમતા પ્રમાણે કરવાથી સ્વભાવ અને દોષો ટળે છે.

૨. **એનો લોટ, દાળ કાંઈ ઓછાં વિમુખ છે? (૧૩૮) પ્રસંગ :** મહુવામાં આચાર્ય મહારાજ અને સદ્ગુરુ સંતો પધારેલા ત્યારે સંપ્રદાયની રીત પ્રમાણે સીધું તૈયાર કરેલ ન હતું. તેથી પવિત્રાનંદ સ્વામીને ભંડારી સ્વામીએ વાત કરી કે આ સીધામાં શંકા રહે છે, તો તમે કહો તેમ કરીએ. ત્યારે પવિત્રાનંદ સ્વામીએ ચોખ્ખી ના પાડી દીધી. બપોરના બાર વાગી ગયા હતા. હવે શું કરવું તેની મૂંઝવણમાં પડેલા ભંડારીને ભગતજી મહારાજ મળ્યા અને કહ્યું : મારી પાસે સંપ્રદાયની રીત પ્રમાણે તૈયાર કરેલું ચોખ્ખું સીધું છે. પણ હું તો વિમુખ ઠર્યો એટલે મારું સીધું ખપે તો લાવું. ભંડારીએ તરત પવિત્રાનંદ સ્વામીને પૂછાવ્યું ત્યારે સ્વામીએ ત્યાં આવીને કહ્યું ભલે પ્રાગજી સામાન લાવે. આપણે એને વિમુખ કર્યો છે પણ એનાં લોટ, દાળ, ચોખા, દૂધ, દહીં કાંઈ ઓછાં વિમુખ છે ? માટે મંગાવો અને રસોઈની તૈયારી કરો. એ પ્રમાણે આજ્ઞા થઈ એટલે ભગતજી સેવામાં મંડી પડ્યા અને તમામ સામાન તથા બીજી જે જોઈએ તે સર્વે સામગ્રીઓ લાવીને સેવામાં મૂકી દીધી.
**મનન :** જેનો દૃઢ સત્સંગ હોય તેન ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહીં. અને સત્સંગની રીતને વળગી રહે છે.

૩. **સત્પુરુષમાં જોડાશે તેને કાંઈ બાકી રહેશે નહિ. (૩૨૩-૩૨૫) પ્રસંગ :** ગોવિંદભાઈનો પ્રશ્ન : મચ્છર હોય તે ગરુડની પાંખમાં બેસી જાય તો ગરુડની ગતિ કરે કે ન કરે ? ભગતજી : મચ્છર થાય તો ગતિ કરે. પણ

જ્ઞાન-વૈરાગ્યરૂપી પાંખો આવે તો ખેચર થવાય અને ત્યારે મચ્છર કહેવાય. અને મચ્છર થાય તો પાંખમાં શું, મારે માથે બેસારીને અક્ષરધામમાં લઈ જઉં ! - કેટલાકને એમ થાય છે કે સત્પુરુષમાં જોડાઈએ તો બાધ નહિ આવે ને ? એમ કુતર્ક કરીને ચાળા ચૂંથ્યા કરે છે. પણ સત્પુરુષમાં જોડાશે તેને શું બાકી રહેવાનું છે ? સત્પુરષ તો તેને મહારાજમાં જ જોડશે. નાપાડના હરિભક્તનો યોગસાધનાના માર્ગદર્શન માટે પ્રશ્ન - ભગતજી : ધર્મ પાળી ભજન કરતાં શીખો. ઐશ્વર્યમાં કંઈ માલ નથી. નહિ તો પુરુષોત્તમની પેઠે ચાળા ચૂંથવા મંડી પડશો. એમ ઠપકો આપી અને સત્પુરુષમાં જોડાઈ ભજન-ભક્તિ કરશે, તેને છતે દેહે અક્ષરધામનું સુખ આવશે અને મહારાજનાં દર્શન થશે. - ભાદરણના પુરુષોત્તમ પરથી હેત ઉતરી ગયું. - ઝવેરીલાલના મોટાં ભાગ્ય દેશદેશાંતરનાં હરિભક્તો આવે છે. અખંડ કથાવાર્તા થાય છે. - બ્રહ્મયજ્ઞની વર્ષાની અખંડ હેલી બેઠી. - ત્યાગીએ તો કોઠારીની આજ્ઞા વિના અહીં આવવું જ નહિ. - કેટલાંક આસનો તો પોતે કરીને ધ્યાનની રીત સર્વને શીખવાડતા. **મનન :** જ્ઞાન અને વૈરાગ્યરૂપી પાંખો આવે તો જ મચ્છર થવાય. માટે જ્ઞાન-વૈરાગ્ય દૃઢ કરવા. પુરુષોત્તમની પેઠે ચાળા ચૂંથવાથી સત્પુરષને આપણા ઉપરથી હેત ઉતરી જાય છે. સત્પુરુષ સત્સંગની સાચી રીત પણ બતાવતા હોય છે. સત્પુરુષ સર્વ ગુણે સંપન્ન હોય છે.

૪. **આ તો તમારાં અંતર સાફ કરવાની સાવરણી છે (૪૪૫-૪૪૭) પ્રસંગ :** પુરુષોત્તમદાસે પૂછ્યું : 'ભણવાની શી આજ્ઞા છે.' ભગતજી : ભણવા કંઈ પરદેશ જવાની જરૂર નથી. હમણાં તો ભજન કરો. મહારાજશ્રીનો આગ્રહ હોય અને કહે તો રાજકોટ જાવું પણ હિંદુસ્થાન (કાશી) જાવું નહિ. આટલી અહીં તમારાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે તે પણ ટાળવી છે ? પરદેશ ભણવા જાશે તો તમે શું કરશો ? યજ્ઞપુરુષદાસનો મહિમા કહ્યો. - કેશવપ્રસાદજીને 'અઢાર હજાર માળા ફેરવજો, તો સંકલ્પ બંધ થઈ જશે. ભજન કર્યા સિવાય વિષયો ઓછા થાય નહિ. માટે ભજનનો આગ્રહ રાખજો.- ભત્રીજા નારણભાઈને 'અક્ષરધામમાં જવું હોય તો વિષયવાસના ટાળી નાંખ્ય. તારે તો ભગવાને ઢૂંકડું કર્યું છે.'- ગઢપુરમાં અવિદ્યાને દબાવી અલૌકિક પ્રતાપ પ્રગટ કરી, શિષ્યોને સેવાનું, વાર્તાનું અને દર્શનનું સુખ આપ્યું. આટલો પ્રતાપ જોયા પછી પણ માયાએ પોતાનું રૂપ ઉઘાડું કરવા સાંજની સભામાં પ્રયત્ન કર્યો પણ ભગતજીએ પોતાના ઐશ્વર્યથી દબાવી દીધી. સભામાં ભગતજી વાતો કરતા હોવાથી સાધુની સભા ઊઠી ગઈ હોવા છતાં બધા ભેગા થઈ ગયા અને રાત્રિના અગિયાર વાગ્યા સુધી કથા-કીર્તન ચાલ્યાં. માયા તો ત્રણે કાળમાંથી ભાગી જ ગઈ હોય એવું અનિર્વચનીય સુખ આવ્યું. **મનન :** યજ્ઞપુરુષદાસજી જેવા સંત જો દૂર દેશ ભણવા જતા રહે તો હરિભક્તોને કથા-વાર્તાનો યોગ ઓછો થઈ જાય. તો અંતર ચોખ્ખા ન થાય. ભજન કર્યા વગર દોષો ટળતા નથી. પોતાના સગા ભત્રીજાને પણ વિષયવાસના ટાળવાનો ઉપદેશ - તો જ અક્ષરધામમાં જવાશે. સત્પુરુષના સાનિધ્યમાં માયા ભાગી જાય છે. અનિર્વચનીય સુખ આવે છે.

૫. **મરકીનો રોગ મટાડ્યો (૫૪૯) પ્રસંગ :** મહુવામાં કોલેરાનો ઉપદ્રવ સમયે વિઠ્ઠલભાઈના દીકરાની સ્ત્રીને પણ કોલેરા થયો. એટલે તે ભગતજી પાસે આવીને વિનંતી કરે છે. 'આમાંથી રક્ષા કરો.' હનુમાનજીને પાંચ શેર તેલ ચડાવવાની આજ્ઞા કરી. તેલ તો ચડાવ્યું હતું. - એમ તમારે જાણે કરો તે કામ ન થાય. ફરી જાઓ અને મહારાજની પ્રસાદીના હનુમાનજી છે તેમને તેલ ચડાવો. તે પ્રમાણે ફરી તેલ ચડાવ્યું અને ધૂન કરાવી એટલે તેને તરત મટી ગયું. **મનન :** મન ધાર્યું કરવાથી ફળ ન મળે સત્પુરુષની આજ્ઞાથી કરેલા કાર્યનું ફળ તરત જ મળે છે.

**પ્ર.૧૦નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. નડિયાદના ઝવેરીલાલ**

| | | |
|---|---|---|
| ૧. | 'તમને સારા એકાંતિકનો જોગ થશે.' ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ. | ૧૨૭ |
| ૨. | ભગતજીને તેડવા આચાર્ય મહારાજ અને કોઠારીને જાતે વિનંતી કરવા ગયા. | ૨૦૦ |
| ૩. | 'આ ઝવેરીલાલનું ઘર તો અક્ષરધામ જેવું છે.' - ભગતજી. | ૩૨૪ |
| ૪. | ભગતજીની ઈચ્છા જાણી અમદાવાદ રસોઈ આપી. | ૩૬૧ |
| ૫. | ભગતજી અમદાવાદ રહ્યા ત્યાં સુધી જેટલા હરિભક્તો આવ્યા તેટલાને જમાડ્યા - 'આ અમદાવાદમાં ઝવેરીલાલ દ્વાર છે.' ભગતજીએ કરેલી પ્રશંસા.- અમદાવાદમાં ભગતજીએ આપેલા શ્વેતધર્મના નિયમ. | ૩૭૫ ૮૦૨ |

૭. 'મારે તો તમને એકાંતિક કરી મૂકવાની મનોકામના છે.' - ભગતજી મહારાજ - અઢાર હજાર માળા ફેરવવી છે. ૪૦૦
૮. અહં-મમત્વપણાની તથા સ્ત્રીધનમાંથી રાગ તોડવાની ભગતજીએ કરેલી વાત. ૪૭૮
૯. અહં-મમત્વ છોડવાની તથા ડભાણના ખોટા પક્ષમાં ન ભળવાતી ભગતજીએ કરેલી વાત. ૫૨૬
૧૦. સત્પુરુષના મહિમાની અને ભગવાનને વરણીય થવાની તથા ગ્રંથિઓ ગાળવાની વાત કરતાં - મારવાડનાં બળદની વાત. ૫૨૭
૧૧. ભગવાનને ભજવા હોય તો ભાઈબંધી રાખવી, પણ દેહનાં સુખ સારું ભક્તની દોસ્તી કરવી નહીં. - ભગતજીએ પત્રમાં બારોટ ગોકળને આમ ઝવેરલાલભાઈ સાથે કહેવડાવ્યું. ૫૫૮
૧૨. ભજન કરવું એ જ શાંતિનો ઉપાય છે. - પત્ર. ૫૬૧
૧૩. નિત્યે માળા ફેરવતી વખતે પ્રથમ પ્રલયનો વિચાર કરીને પોતાને અક્ષરરૂપ માની દસ માળા ફેરવવી - ૫૬૨

**વ્યક્તિત્વ :** ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી ભગતજી જેવા એકાંતિકનો જોગ- સત્પુરુષને વિષે આત્મબુદ્ધિવાળા - ભગતજીની આજ્ઞા પ્રમાણે કરવા માટે હંમેશા તૈયાર રહેતા.

**૨. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ**

૧. ભગતજીને પૂંઠ કેમ દેવાય ? (ચકુભાઈની વાત સાંભળી વિહારીલાલજી મહારાજને ભગતજીનો વિશેષ મહિમા સમજાયો) ૧૮૭
૨. ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ. (ભગતજીનો દિવ્યભાવ જોઈ અધિકારની સત્તા છોડી દીનભાવે પ્રાર્થના) ૧૯૮
૩. ભવિષ્યમાં ત્રણ શિખરનું મંદિર હું ડભાણમાં દેખું છું. (ભગતજીનું ભવિષ્યકથન સાંભળી આચાર્ય મહારાજ ડભાણનું બંડ દબાવી દેવા ભગતજીને નડિયાદ જવા કહ્યું.) ૨૦૨-૨૦૩
૪. સંવત ૧૯૪૪ની સાલમાં નડિયાદના ગામોમાં બંડ દબાવી શાંતિ સ્થાપવા આચાર્ય મહારાજે ભગતજીને મોકલ્યા. ૨૦૬
૫. ડભાણની ઉપાધિની સમાપ્તિથી રાજી થયેલા આચાર્ય મહારાજ. ૨૧૩
૬. શાંતિ સ્થાપવા થોડા વધુ દિવસ નડિયાદ રહેવા ભગતજીને મોકલ્યા. ૨૧૫
૭. મારે તો ભગતજીનું જ્ઞાન એમનું એમ એમની સાથે જતું ન રહે એ ફિકર છે - આચાર્ય મહારાજે યજ્ઞપુરુષદાસને કહ્યું. ૨૯૩
૮. 'આવો વેશ તમે કોઈ દિવસ ધાર્યો નહોતો અને આવું રૂપ પણ નહોતું. આ તો અલૌકિક છે અને બહુ જ સારું કર્યું. મહુવામાં આચાર્ય મહારાજના સ્વાગત સમયે. ૨૯૮
૯. 'ભગતજીને દંડવત્ કરો' કોઠારી પ્રભુદાસને આચાર્ય મહારાજે કરેલી આજ્ઞા - દેસાઈ પાસે ભગતજીની પૂજા કરાવી. ૨૯૮
૧૦. 'બોલશો મા ! હું વાતો કરાવું છું.' કુંજવિહારીદાસ સાધુની ફરિયાદનો આચાર્ય મહારાજે આપેલો જવાબ. ૨૯૯
૧૧. મહારાજની કેવી મરજી છે તે અંતર્વૃત્તિ કરીને જુઓ - કાંઈક વિક્ષેપ થશે તેવું જણાતાં આચાર્ય મહારાજે ભગતજીને કરેલો પ્રશ્ન. ૩૦૭
૧૨. સંવત ૧૯૫૦માં આચાર્ય વિહારીલાલજી મહારાજ તથા કોઠારી ગોવર્ધનભાઈના પ્રયત્નથી ભગતજી સામેનો સાધુઓનો વિરોધ ઊડી ગયો. ૩૧૪-૩૧૫
૧૩. મહારાજ ભગતજીને ફેંટો બંધાવે છે. ૩૬૦
૧૪. સર્વત્ર વિષાદની છાયા. (સૌને ભગતજીનો સમાગમ કરવા જવાની બંધી કરવાની વાત આચાર્ય મહારાજને કરી ત્યારે વિહારીલાલજી મહારાજે સૌને ચૂપ કરી દીધા.) ૪૨૨
૧૫. 'મારે પણ એ સુખ લેવા વિચાર છે.' - આચાર્ય મહારાજ. - ભગતજીને પોતાની સાથે છપૈયા તેડી જવાની ઇચ્છા. ૪૩૬-૪૩૭
૧૬. અપરાધ થયો હોય તો ક્ષમા કરશો અને જેમ શ્રીજીમહારાજ રાજી થાય એવી દૃષ્ટિ રાખશો - આચાર્ય મહારાજે ભગતજીની કરેલી સ્તુતિ. ૪૩૯-૪૪૦
૧૭. હવે જે કહેવું હોય તે કહો. (બ્રહ્મરૂપ નહિ થવાય ત્યાં સુધી ભગવાનની મૂર્તિનું સુખ નહિ આવે.) ૪૪૮

**વ્યક્તિત્વ :** ભગતજીના મહિમાને જાણનારા હોવાથી તેઓ જે કર્તા હોય તે ઠીક જ કરશે. તેવી માન્યતાવાળા હતા. સાધુઓના વિરોધ સામે ભગતજીનો પક્ષ રાખીને સભામાં સાચી વાત કરી. ભગતજીનું જ્ઞાન એમની સાથે જતું ન રહે તેની ચિંતા કરનારા. ભગતજીનું જ્ઞાન બધે પ્રવર્તે તે માટે પ્રયત્ન કરવાવાળા હતા.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ? (૩૪/૧૧૫)

જ. સત્પુરુષને નિર્દોષ, સર્વજ્ઞ જાણે ને કોઇ પણ પ્રકારનો અંતરાય ન રાખે.

૨. પરમહંસાનંદ સ્વામી કોના ગુરુ કહેવાતા હતા ? (૫૨/૧૨૬)

જ. પરમહંસાનંદ સ્વામી ખોજાના ગુરુ કહેવાતા હતા.

૩. અધર્મસર્ગનો પ્રભાવ કેવો હોય છે ? (૫૮/૧૨૯)

જ. અધર્મસર્ગનો પ્રભાવ 'સુર, નર, મુનિ કોઇને સુખ લેવા દેતો નથી.'

૪. મહાપ્રભુ સ્વામી શેમાં બંધાયા ? (૫૨/૧૨૬)

જ. મહાપ્રભુ સ્વામી ઝોળીમાં બંધાયા.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કેવી રીતે કરવો ? (૬૦/૧૩૧)**

જ. જે કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ, ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.

**૨. ગુણાતીતાનંદ સ્વામીની ભગવાનમાં અખંડવૃત્તિ (૬૫/૧૩૪)**

જ. તમે તમારો દેહ વિસારો છો ? ત્યારે કહ્યું જે, ના, મહારાજ ! પછી સ્વામી બોલ્યા જે, જો તમે તમારો દેહ વિસારો, તો હું મહારાજની મૂર્તિ વિસારું કેમ જે, જેમ માછલું છે તે જળમાં હાલેચાલે ને ક્રીડા કરે છે તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ.

**૩. સ્વામીએ મહારાજને કયા ચાર પ્રશ્નો પૂછ્યા ? શું કરવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે ? (૫૬/૧૨૮-૧૨૯)**

જ. એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા, તેમાં એક તો ધ્યાન કરવું. બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતું કરવી. એ ચારેમાં અધિક કોણ છે, તે કહો ? પછી મહારાજે કહ્યું જે, વાતું જ અધિક છે. તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી, જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બે ના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.**
**(કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

**૧. કાળા પર્વતને તોડવાનું દૃષ્ટાંત (૪૩/૧૨૦) દૃષ્ટાંત :** 'અમે સુરંગ દઈએ છીએ ને બસેં-બસેં ગાડાં પાણા નીસરે છે, તે શું ? તો વાત રૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ અને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ ને ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે વાત રૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત, તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ, તે કાંઈ કઠણ નથી.'

**સિદ્ધાંત :** કારણ શરીરરૂપ જે માયા છે તે જ જન્મમરણનું કારણ છે. જો તે તૂટી જાય તો જન્મમરણના ચક્રાવામાંથી પણ છૂટી જવાય. તે સહેજે તૂટે તેવું નથી. પણ ગુણાતીત સત્પુરુષ તે તોડે છે.

**૨. વરતાલમાં ચાર પાટીદાર મહારાજનાં દર્શને (૪૬/૧૨૨) દૃષ્ટાંત :** ચાર પાટીદારોએ મહારાજને કહ્યું : 'તમારાં ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો ને શરીર સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો.' ત્યારે મહારાજ કેવી રીતે પૃથ્વી ઉપર આવ્યા તે સમજાવે છે. ત્યારે ફરી પૂછે છે ઘણી

સભા દીઠી પણ આમ એક નજરે તમારી સામું જોઈ રહ્યા છે તે કેમ સમજવું ? ત્યારે મહારાજ કહે છે 'હું સદ્‌ગુરુરૂપી સૂર્ય પ્રગટ થયો છું ને આ સર્વે કમળ ખીલ્યાં છે, મારા સામું જોઈ રહ્યાં છે.'

**સિદ્ધાંત :** જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે સૂર્યમુખીનું ફૂલ જેમ સૂર્યની સામું જોઈ રહે છે તેમ જ્યારે સદ્‌ગુરુરૂપી સૂર્ય ઊગે છે ત્યારે મુમુક્ષુ રૂપી ફૂલો પણ તેમની સામું જોઈ રહે છે.

૩. **ગોલોકને વૈકુંઠમાં કજિયા (૫૫/૧૨૭) દૃષ્ટાંત :** બીજાએ કલ્યાણ કર્યાં છે પણ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી, ને જો કારણ શરીરના ભાવ ટાળીને કલ્યાણ કર્યાં હોય તો ગોલોક ને વૈકુંઠમાં કજિયા શા સારુ થાય ?

**સિદ્ધાંત :** કારણ શરીર એટલે હું અને મારું બધા ઝઘડાનું મૂળ છે. એ ભાવ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી ગમે ત્યાં જાવ. વઢવેડ થવાની જ છે. આ ટાળવા માટે મહારાજ સાધુ અને નિયમ અક્ષરધામમાંથી લાવ્યા છે. તે સાધુ ભગવાનની ઉપાસના કરાવે, નિયમે કરીને આજ્ઞા પળાવે તેણે કરીને કારણ શરીરનો નાશ થાય છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણનો અને ૧ ગુણ સમજૂતિનો આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે પ્રમાણ આવતાં હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગણિકા કપિ વૃંદ કોટિ, વ્રજ તણી નાર વ્યાભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી. (૬૮/૧૩૬)**

**પ્રમાણ :** ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈને આ સાધુની ઓળખાણ થઈ તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે. બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં તો ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે. માટે ભગવાનના ભક્તને ઓળખીને સંગ કરવો. જેથી છેલ્લો જન્મ થઈ જાય ને એવા ન મળે તો બીજા અનંત જન્મ ઉત્પન્ન કરે તેવા છે. **સમજૂતિ :** પ્રત્યક્ષ ભગવાનને ભજવાથી કોઈપણ તરી શકે છે. પ્રત્યક્ષ ભગવાનને કોઈપણ ભાવે ભજવાથી પણ તરી જવાય છે. પ્રગટ ઉપાસના સૌથી મોટી છે. તેનાથી છેલ્લો જન્મ થાય છે.

૨. **એકલશૃંગીને સ્ત્રી-પુરુષનું ભાન નહોતું છતાં રોમપાદ રાજાની પુત્રી સાથે લગ્ન કર્યાં. (૫૧/૧૨૪-૧૨૫ )**

**પ્રમાણ :** ગમે તેવો પાણીનો તરિયો હોય તેને પણ ભમરી બુડાડી દે, તે નીસરાય નહિ, તેમ ગમે તેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય, તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દે છે.

**સમજૂતી :** સૌભરીએ ૬૦,૦૦૦ વર્ષ તપ કર્યું ને અંતે માછલાનું મૈથુન જોઈને પરણ્યા વિના ન રહ્યા. વિશ્વામિત્રે તપને અંતે મેનકાના મોહમાં ફસાયા. આમ ગમે તેવા સાંખ્ય કે યોગવાળાને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી બુડાડી દે છે તે નીસરાય નહિ.

૩. **બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજને સર્વોપરી કહેતાં કઠણ પડ્યું પરંતુ ગુણાતીતાનંદ સ્વામી અટક્યા નહીં.**

**પ્રમાણ :** બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે. પણ જે શૂરવીર હોય તે ક્યાંય અટકે નહિ. **સમજૂતિ :** પ્રગટની ઓળખાણ થવી અઘરી છે થયા પછી બીજાને કહેવી એથી પણ અઘરી વાત છે. મોટા મોટા મહારાજને સર્વોપરી સમજતા હતા છતાં કહી ન શક્યા. (૫૦/૧૨૪)

૪. **કારિયાણીમાં બાઈ બોલી મારો વ્હાલો સ્વામિનારાયણ નામ ભણ્યો. (૩૮/૧૧૭)**

**પ્રમાણ :** ગુણાતીતાનંદ સ્વામી વાતમાં કહે છે પીંગળ, પુરાણ શીખ્યો ગાતાં ગાતાં શીખ્યો સર્વે સૂરમેં, એક રામ નામ બોલવા ન શીખ્યો તો શીખ્યો સર્વે ગયો ધૂરમેં. **સમજૂતિ :** 'જે સ્વામિનારાયણ નામ લેશે....' સ્વામિનારાયણ નામનો આટલો બધો મહિમા છે. જે એક અભણ બાઈની સમજમાં પણ આવ્યું હોવાથી જ્યારે બાળક સ્વામિનારાયણ બોલે છે. ત્યારે બાઈ કહે છે.

❑ ❑ ❑